# ઓકટોબર ૨૦૧૪

## Most IMP Current Affairs




Crack GPSC

www.crackgpsc.com


કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

# ઓક્ટોબર ૨૦૧૪

## We are famous for...

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

www.crackgpsc.com

# Most Imp Current Affairs – October 2014

## ➢ 1st week

- નરેન્દ્ર મોદીની પાંચ દિવસીય અમેરિકા યાત્રા પૂર્ણ. બંને દેશ સંરક્ષણ કરારને આગામી દસ વર્ષ માટે વધારવા અને પરસ્પરના વેપારને વધારવા માટે સહમત થયા, પરમાણુ કરારના મુદ્દાઓમાં આવનારી મુશ્કેલીઓને સરળ કરવા માટે પ્રતિબદ્ધ થયા, લશ્કર એ તૈયબા, જેશ એ મહંમદ, અલ કાયદા, હક્કાની નેટવર્ક અને દાઉદ ઈબ્રાહીમ કંપની જેવા સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરવા સહમત થયા. ભારતે આઇએસઆઇએસ વિરુદ્ધ અમેરિકન અને અન્ય પશ્ચિમી દેશોની સૈન્ય કાર્યવાહીમાં સામેલ થવાનો ઇનકાર કર્યો. અમેરિકા ત્રણ શહેરો અજમેર, અલ્હાબાદ અને વિશાખાપટ્ટનમને સ્માર્ટ સીટીઝ બનાવવા મદદ કરશે. નરેન્દ્ર મોદીએ ઇબોલા સામે લડવા માટે એક કરોડ ડોલરની મદદની ઘોષણા કરી. બંને દેશો વચ્ચે ભારતના 500 શહેરોમાં સ્વચ્છ પેયજળ, સ્વચ્છતા અને સ્વાસ્થ્યના મુદ્દાઓ પર વોશ (WASH) નામથી એક સંયુક્ત કાર્યક્રમની શરૂઆત થઇ.
- રીઝર્વ બેંક નીતિગત વ્યાજદરોમાં ફેરફાર ન કરવાના પોતાના વલણ પર અડગ. અત્યારે રીઝર્વ બેંકનો રેપો રેટ 8% , કેશ રીઝર્વ રેશિઓ (CRR) 4% અને એસ એલ આર 22% છે.
- ગુગલે સોશીયલ નેટવર્કિંગ સાઈટ 'ઓરકુટ'ને કાયમ માટે બંધ કરવાની જાહેરાત કરી. ઓરકુટ 2004માં શરુ થયું હતું. તેનું નામ તેના નિર્માતા ઓરકુટ બાયોકટેન (ગુગલ કર્મચારી)ના નામથી રાખવામાં આવ્યું હતું.
- ઈપીએફઓ દ્વારા સંચાલિત પેન્શન યોજના હેઠળ આવનારા શેરહોલ્ડરોને હવે દર મહિને ઓછામાં ઓછું 1000 રૂપિયા પેન્શન મળશે. સમગ્ર દેશમાં ઈપીએફઓનાં 120 કાર્યાલયો છે.
- ભારત-અમેરિકા સંયુક્ત સૈન્ય તાલીમ અભ્યાસ "યુદ્ધ અભ્યાસ 2014' ઉત્તરાખંડના રાનીખેતમાં પૂર્ણ થયો.
- ઉદ્યોગ મંડળ સીઆઈઆઈ નાણાકીય વર્ષ 2015-16માં સમગ્ર દેશમાં શાળાઓમાં 10000 શૌચાલયોના નિર્માણ માટે કંપનીઓ સાથે મળીને કામ કરશે.
- રાષ્ટ્રપતિએ તકેદારી કમિશનર રાજીવને સીવીસીની નિમણુક થાય ત્યાં સુધી સીવીસી તરીકે કામ કરવાનો અધિકાર આપ્યો. નિત્તુર શ્રીનિવાસ ભારતના પ્રથમ સીવીસી હતા.

- કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે (એમએનઆરઆઈ) પ્રથમ નવીનીકરણીય ઉર્જા ગ્લોબલ ઇન્વેસ્ટર્સ મીટ અને એક્સ્પો (રી-ઇન્વેસ્ટ) સંગઠનની ઘોષણા કરી. આ સંમેલનની સંભવિત તારીખ 15 ફેબ્રુઆરી 2015 છે અને તે દિલ્હીમાં યોજાશે. આ યોજનાની મુખ્ય થીમ રીન્યુએબલ ઉર્જામાં વિદેશી રોકાણકારોને આકર્ષિત કરવાની છે. આ સંમેલન 'મેક ઇન ઇન્ડીયા' કાર્યક્રમ હેઠળ થશે.
- ભારતીય મહિલા મુક્કેબાજ એમ સી મેરીકોમે 48 થી 51 કિગ્રા ફ્લાયવેટ સ્પર્ધામાં કઝાકિસ્તાનની ઝૈના શૈકેરબેકોવાને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. તે એશિયન ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય મહિલા મુક્કેબાજ બની.
- નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ પોતાના પ્રથમ પૃથ્વી અવલોકન ઉપકરણ આઈએસએસ-રેપિડસ્કેટને સફળતાપૂર્વક આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ સ્ટેશનમાં સ્થાપિત કર્યું. તે સ્પેસ એક્સ (Space X) CRS-4 મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવ્યું. આઈએસએસ-રેપિડસ્કેટ જળવાયુ સંશોધન માટે સમુદ્રી પવનો સાથે હવામાનના પૂર્વાનુમાન અને તોફાનની દેખરેખનું કાર્ય કરશે. તે પૃથ્વીથી નજીક છે અને દિવસના અલગ અલગ સમય પર પૃથ્વીનું અવલોકન કરે છે.
- એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા કબડ્ડી ટીમે ઈરાનને હરાવીને સતત બીજો સુવર્ણચંદ્રક જીત્યો. ભારતીય પુરુષ કબડ્ડી ટીમે ઈરાનને હરાવીને એશિયન ગેમ્સમાં સતત સાતમો સુવર્ણચંદ્રક જીત્યો.
- ત્રીજો ગ્લોબલ સીટીઝન ફેસ્ટીવલ ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં યોજાયો.
- કૃષક એક્સપ્રેસ અને લખનઉ બરૌની એક્સપ્રેસની ગોરખપુર સ્ટેશન નજીક અથડામણ.
- વર્ષ 2013નો મૂર્તિદેવી પુરસ્કાર મલયાલમ લેખક સી રાધાકૃષ્ણનને તેમની નવલકથા 'તિક્કડલ કાતાન્હૂ તિરૂમધુરમ' માટે એનાયત થયો. આ નવલકથા મલયાલમ ભાષાના જનક તુન્ચત એજુતાચ્ચનના જીવન પર આધારિત છે. આ 27 મો મૂર્તિદેવી પુરસ્કાર છે. પ્રથમ પુરસ્કાર વર્ષ 1983 માં કન્નડ લેખક સી કે નાગરાજ રાવને એનાયત થયો હતો.




www.crackgpsc.com

- રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ બીકાનેર જીલ્લાના લુનકરણસરમાં દેશની પ્રથમ ઓલીવ તેલની રીફાઇનરીનું લોકાર્પણ કર્યું. તે સાથે જ રાજસ્થાન ઓલીવ તેલનું ઉત્પાદન કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું. અહીં ઉત્પાદિત તેલનું બ્રાંડ નામ 'રાજ ઓલીવ ઓઈલ' રાખવામાં આવ્યું છે. ઓલીવનું તેલ ડાયાબિટીસ અને હૃદયરોગ માટે ઉપયોગી છે.
- એશિયન ગેમ્સમાં હેમર થ્રો સ્પર્ધામાં કાંસ્યપદક જીતનાર ભારતીય ખેલાડી મંજુ બાલાનો પદક અપગ્રેડ કરીને તેમને રજત પદક આપવામાં આવ્યો. કારણ કે ફાઈનલમાં તેમનાથી આગળ રહેનાર ચીનની બે સ્પર્ધકોમાંથી એક ડોપ ટેસ્ટમાં પોઝીટીવ રહી.
- 17 મી એશિયન ગેમ્સમાં સરદાર સિંહના નેતૃત્વમાં ભારતની પુરુષ હોકી ટીમે પાકિસ્તાનને હરાવીને સુવર્ણચંદ્રક જીત્યો. ભારત આ સાથે જ રિયો ઓલિમ્પિક માટે પણ ક્વાલીફાઈ થઇ ગયું.
- ચેન્નઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટરાઈડર્સને હરાવીને 2014ની ચેમ્પિયન્સ લીગ T 20નો ખિતાબ જીત્યો. ચેન્નઈ સુપર કિંગ્સનો આ બીજો ચેમ્પિયન્સ લીગ T 20 ખિતાબ છે. સુરેશ રૈનાને 'મેન ઓફ ધ સીરીઝ' ઘોષિત કરાયા. કોલકાતા નાઈટરાઈડર્સ પ્રથમ વખત આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી. ચેન્નઈ સુપર કિંગ્સના કપ્તાન મહેન્દ્ર ધોની અને કોલકાતા નાઈટરાઈડર્સના કપ્તાન ગૌતમ ગંભીર છે. તેમાં ગોલ્ડન બેટ એવોર્ડ સુરેશ રૈનાને અને ગોલ્ડન વિકેટ એવોર્ડ સુનીલ નારાયણને આપવામાં આવ્યો.
- સિનેમા ક્ષેત્રે ઉલ્લેખનીય યોગદાન તથા સમાજ સેવામાં ભાગીદારી માટે શાહરુખખાનને ગ્લોબલ ડાઈવર્સિટી એવોર્ડ 2014 આપવામાં આવ્યો.
- મારિયા શારાપોવા પ્રથમ વાર ચાઈના ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-2014ના મહિલા વર્ગનો એકલ ખિતાબ જીતી. તેમનો આ 33મો ખિતાબ છે.
- નોવાક જોકોવિકે ચીન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ-2014ના પુરુષ વર્ગનો એકલ ખિતાબ પાંચમી વખત જીત્યો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને એક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના માધ્યમથી સંબોધ્યા. રેડિયો પર સૌથી પહેલાં વાતચીતની શરૂઆત અમેરિકન રાષ્ટ્રપતિ ફ્રેંકલિન ડી. રુઝવેલ્ટે કરી હતી.
- ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા આતંકવાદીઓએ બ્રિટીશના એક સામાજિક કાર્યકર્તા એલન હેનિંગનું સર કલમ કરી દીધું.
- નાસાની પૃથ્વી વેધશાળા અનુસાર વિશ્વનું ચોથુ સૌથી મોટું સરોવર 'અરાલ સાગર' સુકાઈ ગયું છે અને લુપ્ત થવાની અણી પર છે.
- રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડે (એનએસજી) વર્ષ 2014ને કમાન્ડો વર્ષ જાહેર કર્યું.

www.crackgpsc.com

- અમેરિકાના સમાચાર પત્ર ન્યૂયોર્ક ટાઈમે પોતાના એ કાર્ટૂન પર માફી માંગી જેમાં ભારતના મંગળયાન અભિયાનની મશ્કરી કરવાનો પ્રયત્ન કર્યો હતો.
- ઓહિયો સ્ટેટ યુનિવર્સીટી, અમેરિકાએ વૈજ્ઞાનિકોએ વિશ્વની એવી પ્રથમ સૌર બેટરી વિકસિત કરી જે હવા અને પ્રકાશની મદદથી જાતેજ રિચાર્જ થાય.
- અમેરિકાની સ્ટૈનફોર્ડ યુનિવર્સીટીના ભારતીય મૂળના પ્રોફેસર થોમસ કૈલથ એ 10 લોકોમાં સામેલ છે જેમને વિજ્ઞાન ક્ષેત્રે આપવામાં આવતા 'યુએસ નેશનલ મેડલ ઓફ સાયન્સ' માટે પસંદ કરવામાં આવેલ છે. આ સમ્માન દર વર્ષે વિજ્ઞાન અને એન્જીનિયરીંગ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારને આપવામાં આવે છે.
- 17મી એશિયન ગેમ્સમાં વિશ્વ રમતોનું પાવરહાઉસ ગણાતું ચીન સતત નવમી વખત પ્રથમ ક્રમે રહ્યું. ચીને 151 સુવર્ણ ચંદ્રક સહિત કુલ 342 ચંદ્રક પ્રાપ્ત કર્યા. ભારત કુલ 57 ચંદ્રક (11 સુવર્ણ, 10 રજત, 36 કાંસ્ય) સાથે આઠમા સ્થાને રહ્યું. 18 મી એશિયન ગેમ્સ જાકાર્તામાં યોજાશે.




- અમેરિકન સ્વીમીંગ એસોસીએશને તરવૈયા માઈકલ ફેલ્પસને એસોસિએશનની આચાર સંહિતાનો અનાદર કરવાના આરોપસર તમામ પ્રકારની સ્પર્ધાઓમાંથી છ મહિના માટે સસ્પેન્ડ કર્યા. તેમને બાલ્ટીમોરમાં વધુ પડતી ગતિથી ગાડી ચલાવવા માટે ધરપકડ કર્યા બાદ સસ્પેન્ડ કરાયા.
- ભારતની એમી કમાનીએ ઓસ્ટ્રેલિયન ઓપન માહિલા સ્નુકર ચેમ્પિયનશિપ 2014 નો રજત ચંદ્રક જીત્યો.
- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી (NIIT) એ રાહુલ કેશવ પટવર્ધનની આગામી સીઈઓ તરીકે નિમણુક કરી. તેઓ 1લી એપ્રિલ 2015 થી પોતાનું પદ સંભાળશે.
- મહેન્દ્રસિંહ ધોનીએ ઇન્ડિયન સુપર લીગ (આઈએસએલ) ની ટીમ ચેન્નઈ ફ્રેન્ચાઇઝીની ચેન્નઈયિન એફસીની ભાગીદારી ખરીદી. આઈએસએલ આ પ્રકારની પ્રથમ ફૂટબોલ ટુર્નામેન્ટ છે, જેની દરેક ટીમમાં ભારતીય અને વિદેશી ખેલાડીઓ સામેલ કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો ભાગ લેશે.
- સરકારી જાહેરાતો પર દિશા નિર્દેશ માટે રચિત પ્રો. એનઆર માધવ મેનનની અધ્યક્ષતા વાળી ત્રણ સદસ્યીય સમિતિએ પોતાનો રિપોર્ટ સર્વોચ્ચ ન્યાયાલયને સોંપ્યો. આ સમિતિએ

www.crackgpsc.com

સરકારી જાહેરાતોમાં રાજપક્ષીય દળો અને તેમના અધ્યક્ષો જેવા અધિકારીઓના નામોનો ઉલ્લેખ નહિ કરવાની ભલામણ કરી છે. રિપોર્ટ મુજબ આવી જાહેરાતો પર જનતાના પૈસાનો દુરુપયોગ થયેલ છે. તેમાં માત્ર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓના નામ અને ફોટાઓનો ઉપયોગ કરવો જોઈએ.

- ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારીએ સૈયદ હામીદને વર્ષ 2014 ના સર રોસ મસૂદ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સમ્માનિત કર્યા. તેમને આ સમ્માન નેતૃત્વ, શિક્ષણ, સમુદાય અને જનસેવામાં ઉત્કૃષ્ટ યોગદાન માટે આપવામાં આવ્યું. સૈયદ હામીદ જામિયા હમદર્દ યુનિવર્સીટીના ચાન્સેલર છે.
- ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટ બાદ વિશ્વના પ્રથમ બાળકનો જન્મ થયો. તેને સ્વિડનની એક 36 વર્ષીય મહિલાએ જન્મ આપ્યો.
- યુરોપિયન સંઘ પ્રતિસ્પર્ધા આયોગે 19 બિલિયન અમેરિકન ડૉલરના ફેસબુક-વોટ્સએપ કરારને મંજૂરી આપી.
- અમેરિકાએ દક્ષિણ ચીન સાગરમાં સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિયેતનામને શસ્ત્રો વેચવાનો 40 વર્ષોનો પ્રતિબંધ હટાવ્યો.
- વર્ષ 2014 ના ચિકિત્સા ક્ષેત્રના નોબલ પુરસ્કાર માટે અમેરિકન બ્રિટીશ વૈજ્ઞાનિક જોન ઓ કીફે અને નોર્વેના વૈજ્ઞાનિક દંપતિ મે-બ્રિટ મોજર અને એડવર્ડ મોજરની સંયુક્ત રીતે પસંદગી કરાઈ. આ પુરસ્કાર મગજની ગ્લોબલ પોઝીશિનીંગ સીસ્ટમ (જીપીએસ) શોધવા માટે આપવામાં આવ્યો. તેઓએ મગજમાં પ્રવર્તમાન એવી પ્રણાલી શોધી, જેના દ્વારા મગજ જીપીએસથી પોતાની આસપાસના વાતાવરણનું ચિત્ર બતાવે છે તેમ જ તેમાંથી નીકળવાનો રસ્તો પણ સુઝાડે છે.
- ભારત, અમેરિકા, ચીન, જાપાન અને કેનેડા હવાઈ દ્વીપ પર બનનાર દુનિયાના સૌથી મોટા ટેલિસ્કોપ પર કામ શરૂ કરશે. આ ટેલિસ્કોપ દ્વારા 500 કિમી અંતરથી એક સિક્કા જેટલી નાની વસ્તુ પણ જોઈ શકાશે. 30 મીટર લાંબા ટેલિસ્કોપ કે ટીએમટી, મૌનાકિયા જ્વાળામુખી શિખર પાસે સ્થાપિત કરવામાં આવશે. આ દેશોની યોજના માર્ચ 2022 સુધી નિર્માણ કાર્ય પૂર્ણ કરવાની છે. જાપાન કુલ ખર્ચનો ચોથો ભાગ ભોગવશે.
- મંગળની ભ્રમણકક્ષામાં પોતપોતાના સ્પેસશિપ મોકલ્યા બાદ ભારત અને અમેરિકા ભવિષ્યમાં લાલ ગ્રહના રહસ્યોની શોધ અને અન્વેષણ માટે સાથે કામ કરવા સહમત થયા. ઈસરોના અધ્યક્ષ કે રાધાકૃષ્ણન છે. બંને પક્ષોએ એક ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા. જે મુજબ નાસા-ઈસરો મંગળ કાર્ય સમૂહની સ્થાપના કરવામાં આવશે. બંને એજન્સીઓ 'નાસા-ઈસરો સિન્થેટિક એપર્ચર રડાર' (એનઆઈએસઆર) મિશન પર સાથે કામ કરશે. આ મિશનને વર્ષ 2020માં લોન્ચ કરવાનું લક્ષ્ય રાખેલ છે.

- કાર નિર્માતા કંપની રેનોએ એક લીટર પેટ્રોલમાં 100 કિમી અંતર ચાલતી કાર રજુ કરી છે. ઈલોબ કોન્સેપ્ટ કારને પેરીસ મોટર શોમાં રજુ કરવામાં આવી છે. રેનો ફ્રાન્સની પ્રખ્યાત કાર નિર્માતા કંપની છે.
- કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ નિગમની સ્વચ્છતા ઉદ્યમી યોજના - સ્વચ્છતાથી સંપન્નતા તરફ નો આરંભ કર્યો. યોજનાના બે હેતુ છે – સફાઈ અને સફાઈ કર્મચારીઓને રોજગારી પૂરી પડવી અને મેહતરોને મુક્ત કરીને સ્વચ્છ ભારત અભિયાનના સમગ્ર લક્ષ્યને પ્રાપ્ત કરવું.
- રૌરકેલા સ્ટીલ પ્લાન્ટે હોકી ખેલાડી બીરેન્દ્ર લાકરાને સમ્માનિત કર્યા. બીરેન્દ્ર એશિયન ગેમ્સમાં પુરુષ હોકીની ફાઈનલ મેચમાં પાકિસ્તાનને હરાવીને 16 વર્ષે બાદ સુવર્ણચંદ્રક જીતનાર ભારતીય હોકી ટીમના ભાગ હતા.
- જાપાનના ભૌતિક વૈજ્ઞાનિક ઇસામુ અકાસાકી અને હિરોશી અમાનો તેમજ જાપાની મૂળના અમેરિકન વૈજ્ઞાનિક શુજી નાકામુરાને સંયુક્ત રીતે વર્ષ 2014ના ભૌતિક ક્ષેત્રના નોબલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. તેમની પસંદગી નીલો પ્રકાશ ઉત્સર્જીત કરનાર ડાયોડના આવિષ્કાર માટે કરવામાં આવી. આ ડાયોડ એક નવા ઉર્જા સક્ષમ અને પર્યાવરણના અનુકૂળ પ્રકાશ સ્રોત છે. આ વૈજ્ઞાનિકોએ એલઈડીના નીલા પ્રકાશનો ઉપયોગ કરીને સફેદ પ્રકાશ ઉત્પન્ન કરવાની ટેક્નીક વિકસાવી, જે ઘણી વ્યાજબી અને ઉર્જા સંરક્ષણ કરનાર છે. ભૌતિક ક્ષેત્રનો પ્રથમ નોબલ પુરસ્કાર વર્ષ 1901માં વિલ્હેમ કોનરાડ રોન્ટગનને આપવામાં આવ્યો હતો. લોરેન્સ બ્રેગ આ પુરસ્કાર મેળવનાર સૌથી નાની વયના વ્યક્તિ છે. તેમને આ પુરસ્કાર વર્ષ 1915 માં 25 વર્ષની વયે તેમના પિતાજી સાથે સંયુક્ત રૂપે આપવામાં આવ્યો હતો. આ પુરસ્કાર માત્ર બે મહિલાઓને આપવામાં આવેલ છે, વર્ષ 1903 માં મેરી ક્યુરી અને વર્ષ 1963 માં મારિયા ગોએપ્પેર્ટ-મેયરને.
- સંરક્ષણ ટેકનોલોજીસ્ટ અને બ્રહ્મોસ મિસાઈલના જનક ડૉ. અપાથુકાથા શિવથાનુ પિલ્લાઇને જાહેર વહીવટ, શિક્ષણ અને મેનેજમેન્ટ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે વર્ષ 2014 નો લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો. તેમને આ પુરસ્કાર એરોસ્પેસ અને મિસાઈલ ટેકનોલોજીના ક્ષેત્રમાં તેમના અમુલ્ય યોગદાન માટે આપવામાં આવ્યો.
- વિશ્વ બેંકના દક્ષિણ એશિયા આર્થિક ફોકસ રિપોર્ટ અનુસાર દક્ષિણ એશિયાના કુલ ઉત્પાદનમાં ભારતીય અર્થ વ્યવસ્થાનો 80% ફાળો છે.
- ક્રેમર બાલ જેટ એરવેઝના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) તરીકે નિયુક્ત. તે પહેલાં તેઓ જેટ એરવેઝના કાર્યવાહક સીઈઓ તરીકે ફરજ બજાવતા હતા.

## ➢ 2nd week

- વર્ષ 2014 ના રસાયણ શાસ્ત્રના નોબલ પુરસ્કાર માટે ત્રણ વૈજ્ઞાનિકો – અમેરિકાના એરિક બેટઝીગ અને વિલિયમ ઈ મોર્નર તથા જર્મનીના સ્ટીફન હેલની પસંદગી કરવામાં આવી. તેમને આ પુરસ્કાર અતિસુક્ષ્મ વસ્તુઓને જોવા માટે અત્યંત શક્તિશાળી ફ્લોરેસેંસ માઈક્રોસ્કોપીનો વિકાસ કરવા માટે આપવામાં આવનાર છે.
- ન્યુયોર્કના ભૂતપૂર્વ મેયર માઈકલ બ્લૂમબર્ગને બ્રિટનમાં મહારાણી એલિઝાબેથ દ્વિતીય દ્વારા માનદ નાઈટહુડની ઉપાધિ આપવામાં આવી.
- અનુપ જૈને વર્ષ 2014 નો વેસલીટ્ઝ ગ્લોબલ સીટીઝન એવોર્ડ મેળવ્યો. તેમને વર્ષ 2011 માં બિહારના ગ્રામ્ય વિસ્તારોમાં સામુદાયિક સફાઈ ક્ષેત્રે કામ કરવા માટે સમ્માનિત કરવામાં આવ્યા. તેમણે વર્ષ 2011 માં બિહારમાં હ્યુમેન્યૂર પાવર (એચપી) ની સ્થાપના કરી હતી, જે ગ્રામ્ય ભારતમાં સામુદાયિક સ્વચ્છતા એકમોનું નિર્માણ કરે છે.
- વરિષ્ટ પત્રકાર માધવ વિઠ્ઠલ કામથનું અવસાન. તેઓ પ્રસાર ભારતીના અધ્યક્ષ રહી ચુક્યા હતા. તેમની લખેલ 'નરેન્દ્ર મોદી- ધ આર્કિટેક્ટ ઓફ અ મોડર્ન સ્ટેટ' ઘણી ચર્ચામાં રહી.
- ફેસબુકના સ્થાપક માર્ક જુકરબર્ગ ભારતયાત્રા પર આવ્યા. તેમણે ઈન્ટરનેટ ડોટ ઓઆરજી સમિટને પણ સંબોધી. ઈન્ટરનેટ ડોટ ઓઆરજીનો હેતુ સમગ્ર વિશ્વમાં લોકો સુધી સસ્તી ઇન્ટરનેટ સેવા પહોંચાડવાનો છે. ફેસબુક માટે ભારત બીજા નંબરનું સૌથી મોટું બજાર છે. તેમણે ડીજીટલ ઇન્ડિયા કાર્યક્રમમાં મદદ કરવાની તૈયારી બતાવી.
- કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓની હાજરી પર દેખરેખ રાખવા માટે 'અટેન્ડન્સ ડોટ જીઓવી ડોટ ઇન' (attendance.gov.in) વેબસાઈટની શરૂઆત કરી.
- યુનિસેફના દક્ષિણ એશિયા ક્ષેત્ર માટે સદભાવના દૂત તરીકે આમીરખાનની નિમણુક થઇ. આમીરખાન પહેલાં અમિતાભ બચ્ચન અને પ્રિયંકા ચોપડાને યુનિસેફના સદભાવના દૂત નિમવામાં આવ્યા હતા. યુનિસેફની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ 11 ડીસેમ્બર, 1946ના રોજ કરી હતી. તેનું મુખ્યાલય ન્યુયોર્કમાં છે. હાલમાં તેના પ્રેસિડેન્ટ એન વેનેમન છે.

www.crackgpsc.com



- ભારતીય વાયુસેના (આઇએએફ) એ 8 ઓક્ટોબર 2014ના રોજ નવી દિલ્હીમાં 82મો વાયુસેના દિવસ ઉજવ્યો. ભારતીય વાયુસેનાની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઇ હતી. ત્યારે તે રોયલ ઇન્ડિયન એરફોર્સ (આરઆઈએએફ) કહેવાતું.
- ઔદ્યોગિક નિધિ અને સંવર્ધન વિભાગે જાપાનના રોકાણ પ્રસ્તાવોને તેજી આપવા માટે વિશેષ વ્યવસ્થાપક ટીમની રચના કરી. આ ટીમનું નામ 'જાપાન પ્લસ' રાખવામાં આવ્યું.
- લીલા સેમસને સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. તેઓ ભારતનાટ્યમના પ્રસિદ્ધ નર્તકી છે.
- નાઝીવાદની ફ્રાન્સ પર પડેલ અસરોનો જીવનભર અભ્યાસ કરનાર ફ્રાન્સના નવલકથાકાર તેમજ લેખક પેટ્રિક મોદીયાનોને સાહિત્યનો નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો .તેઓ સાહિત્યનો નોબલ પુરસ્કાર જીતનાર 11મા ફ્રાન્સીસી લેખક બન્યા .તેમની મુખ્ય નવલકથાઓમાં મિસિંગ પર્સન, એ ટ્રેસ ઓફ મેલાઈસ, હનીમુન, વિલા ટ્રીસ્ટ સામેલ છે. 2013માં સાહિત્યનો નોબલ પુરસ્કાર કેનેડાની લેખિકા એલીસ મુનરોને અપાયો હતો. 1913માં ભારતીય કવિ રવીન્દ્રનાથ ટાગોરને તેમની પ્રસિદ્ધ રચના ગીતાંજલિ માટે સાહિત્યનો નોબલ પુરસ્કાર આપવામાં આવ્યોહતો.
- ભારતના કૈલાસ સત્યાર્થી અને પાકિસ્તાનની મલાલા યુસુફ્જઈને શાંતિનો નોબલ પુરસ્કાર મળ્યો. બંનેને આ પુરસ્કાર ઉપમહાદ્વીપમાં બાળ અધિકારોને પ્રોત્સાહિત કરવા માટે આપવામાં આવ્યો. કૈલાસ સત્યાર્થી નોબલ શાંતિ પુરસ્કાર મેળવનાર બીજા ભારતીય છે. આ પહેલાં મધર ટેરેસાને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. મલાલા સૌથી નાની વયની નોબલ પુરસ્કાર વિજેતા બની. સત્યાર્થી ભારતમાં બચપન બચાઓ આંદોલન નામથી એક એનજીઓ ચલાવે છે. આ આંદોલને 80000થી વધુ બાળકોને બાળ મજુરી અને શોષણમાંથી મુક્ત કરાવીને તેમના પુનર્વસન અને શિક્ષણ માટે મદદ કરી છે. મલાલા યુસુફ્જઈ પાકિસ્તાનની શાળાની છાત્રા અને શિક્ષણ કાર્યકર્તા છે.
- ફોર્બ્સની 'મોસ્ટ વેલ્યુએબલ એથ્લીટ બ્રાન્ડ્સ' ની યાદીમાં મહેન્દ્રસિંહ ધોની 2014માં બે કરોડ ડોલરની બ્રાન્ડ વેલ્યુ સાથે પાંચમા સ્થાને છે. ત્રણ કરોડ 70 લાખ ડોલરની બ્રાન્ડ વેલ્યુ સાથે જેમ્સ પ્રથમ સ્થાને છે. વુડઝ બીજા સ્થાને અને ફેડરર ત્રીજા સ્થાને છે. સૌથી કીમતી રમત વ્યવસાય બ્રાન્ડ નાઈકે છે. બેઝબોલ ટીમ ન્યૂયોર્ક યાન્કીઝ સૌથી કીમતી ટીમ બ્રાન્ડ છે.
- કેન્દ્ર સરકારે 400 રૂપિયાની બજાર કિંમતની તુલનાએ 10 રૂપિયામાં એલઈડી બલ્બ વેચવાનો નિર્ણય કર્યો.
- ઇટાલીના બુસ્ટો અર્સિજીયોમાં સ્થિત કોર્ટે ભારત સાથે 3600 કરોડ રૂપિયાના વીવીઆઈપી હેલિકોપ્ટર સોદામાં ગ્યુસેપ ઓરસી અને બ્રુનો સ્પૈગનોલિનીને ભ્રષ્ટાચારના આરોપથી મુક્ત કર્યા. ભારતીય નૌ સેનાને 12 વીવીઆઈપી હેલિકોપ્ટરની આપૂર્તિ કરવાનો સોદો 2010માં



www.crackgpsc.com

ભારત સરકાર અને કંપની વચ્ચે થયો હતો, પણ આ ગોટાળાને લીધે ભારતે અગસ્તા વેસ્ટલેન્ડ સાથે થયેલ આ સોદો 1 જાન્યુઆરી, 2014ના રોજ રદ કર્યો.

- આઝાદી પછીથી પોતાના દેશ માટે બલિદાન આપનાર સૈનિકોને સન્માનિત કરવા માટેનો એક મહિના સુધી ચાલનાર આકાશદીપ અનુષ્ઠાન વારાણસી, ઉત્તરપ્રદેશમાં શરુ થયું. આ અનુષ્ઠાન ગંગા કિનારે શહીદ સૈનિકોના સન્માનમાં ફાનસ સળગાવીને મનાવવામાં આવે છે.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષ વધને 10 ઓક્ટોબર 2014ના રોજ ભારતીય રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય નીતિની શરૂઆત કરી. આ ભારતની સૌ પ્રથમ માનસિક સ્વાસ્થ્ય નીતિ છે જેનાથી કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત સૌ પ્રથમ રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય દિવસના અવસર પર શરુ કરવામાં આવી હતી.
- નરેન્દ્ર મોદીએ ગામડાઓના સમગ્ર વિકાસ માટે 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' 11 ઓક્ટોબરે શરુ કરી. આ યોજનાનું અમલીકરણ કેન્દ્રીય ગ્રામિણ વિકાસ મંત્રાલયની દેખરેખ હેઠળ કરવામાં આવશે. આ યોજના અનુસાર દરેક સાંસદે 2019 સુધી ત્રણ ગામોમાં મૂળભૂત અને સંસ્થાગત માળખુ  વિકસિત કરવાની જવાબદારી લેશે જેમાંથી એક આદર્શ ગામને વર્ષ 2016 સુધી વિકસિત કરવાનું રહેશે. ત્યારબાદ  પાંચ એવા આદર્શ ગામ (દર વર્ષે એક ગામ)ની પસંદગી કરવામાં આવશે અને તેના વિકાસની કામગીરી 2024 સુધી પૂર્ણ કરવામાં આવશે. આ યોજનાનો હેતુ ગામવાસીઓને મૂળભૂત સુવિધાઓ અને વધુ સારી તકો પૂરી પાડવાનો છે. આ યોજનાના અમલીકરણ માટે જીલ્લા કલેકટરને મુખ્ય અધિકારી માનવામાં આવશે.
- કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે નવી દિલ્હીના રસ્તાઓને ભીડથી મુક્ત કરવા માટે સૂચન આપવા માટે એક 17 સભ્યો વાળી સમિતિની રચના કરી.
- નરેન્દ્ર મોદીએ 'વિરાટ પુરૂષ નાનાજી' ગ્રંથાવલીનું વિમોચન કર્યું. આ ગ્રંથ દીનદયાલ સંશોધન દ્વારા છ અંકોમાં સંકલિત કરવામાં આવ્યો છે, જે નાનાજી દેશમુખની રચનાઓનું સંકલન છે.
- કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે ગઝલ ગાયિકા બેગમ અખ્તરના જન્મ શતાબ્દી સમારંભની શરૂઆત કરી. આ એક વર્ષ સુધી ઉજવવામાં આવશે. બેગમ અખ્તરનું મૂળ નામ અખ્તરબાઈ ફૈઝાબાદી હતું. આ અવસર પર મંત્રાલયે 100 રૂપિયા અને 5 રૂપિયાના સ્મારક સિક્કાનો સેટ રજુ કર્યો અને બેગમ અખ્તરની ગઝલો અને ઠુમરીઓને લોકપ્રિય બનાવવા માટે સંગીત કાર્યક્રમોની પણ જાહેરાત કરી. બેગમ અખ્તરને મલ્લિકા એ ગઝલનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેમનું મૃત્યુ અમદાવાદમાં થયું હતું.

- ચક્રવાત હુડહુડે આન્ધ્રપ્રદેશ અને ઓરિસ્સાના કેટલાક વિસ્તારોમાં તોફાન મચાવ્યુ છે. હુડહુડ નામ હુપુ પક્ષીના નામથી આવ્યું છે. તે એક રંગીન પક્ષી છે જે આફ્રિકન-યુરેશિયામાં જોવા મળે છે તેનું નામ ઓમાને સૂચવ્યું છે.
- 'ઓપરેશન લહર' હુડહુડ ચક્રવાત દરમ્યાન સૈનિક બળો દ્વારા રાહત અને બચાવ માટે શરુ કરેલ અભિયાન છે. આ અભિયાનના સૈનિકોનું નેતૃત્વ નૌ સેનાએ કર્યું.
- ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચે 51 દિવસ સુધી ચાલેલ સંઘર્ષમાં બરબાદ થયેલ ગાઝા પટ્ટીના પુનઃનિર્માણ માટે ભારતે 40 લાખ ડોલરની મદદ આપવાનો સંકલ્પ કર્યો.
- મર્સિડીઝના ડ્રાઈવર લુઇસ હેમિલ્ટને સોચ્ચિ (રશિયા)માં આયોજિત પ્રથમ રશિયન ગ્રાં પ્રિ. ફોર્મ્યુલા-1 ખિતાબ જીત્યો.
- રોજર ફેડરરે ફ્રાન્સના જાઈલ્સ સિમોનને હરાવીને શાંઘાઈ ઓપન (શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ) નો ખિતાબ જીત્યો.
- ભારતીય બેડમિન્ટન ખેલાડી અજય જયરામે 50000 ડોલર ઇનામની રકમનો યોનેક્સ ડચ ઓપન ગ્રાં પ્રિ. ટુર્નામેન્ટ 2014ના પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- ઓસ્ટ્રેલિયાની ટેનિસ ખેલાડી સમાંથા સ્ટોસરે કઝાકિસ્તાનની જારીના ડીયાસને હરાવીને જાપાન ઓપન ટેનિસ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- વિશ્વની સૌથી મોટી ગુફા 'મિઆઓ રૂમ ચેમ્બર' ચીનમાં મળી આવી. આયતનના હિસાબે આ વિશ્વની સૌથી મોટી ગુફા છે. પરંતુ મલેશિયાની ગુફા 'સારવાક ચેમ્બર' ક્ષેત્રફળની દ્રષ્ટીએ હજુ પણ વિશ્વમાં સૌથી મોટી ગુફા છે.
- ફ્રાન્સના અર્થશાસ્ત્રી જીન તીરોલને વર્ષ 2014 માટે અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો. તેમને 'માર્કેટ પાવર એન્ડ રેગ્યુલેશન' (બજાર સંબંધી વિશ્લેષણ અને પ્રભાવશાળી કંપનીઓ પર નિયંત્રણ) વિષય પર શોધ માટે આ સન્માન આપવામાં આવ્યું છે. તેઓ ફ્રાન્સના ટોયુલોઝ સ્કુલ ઓફ ઇકોનોમિકસમાં શિક્ષક છે.
- અમેરિકા ઓનલાઈન સ્ટોર એમેઝોન અને રીટેલર ફ્યુચર ગ્રુપે સંયુક્ત રૂપે ઈન્ટરનેટ પર વસ્તુઓ વેચવા માટે સમજુતી કરી.
- મધુર ભંડારકરને સેરાક્યુઝ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં સોફિયા એવોર્ડ આપવામાં આવ્યો.
- કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડીયમમાં રંગારંગ કાર્યક્રમ સાથે ઇન્ડિયન સુપર લીગની શરૂઆત થઇ. સમારંભના મુખ્ય અતિથિ તરીકે મમતા બેનરજી ઉદઘાટન માટે હાજર રહ્યાં.
- ગીતકાર સમીરને વર્ષ 2012-13નો રાષ્ટ્રીય કિશોર કુમાર એવોર્ડ આપવામાં આવ્યો. તેમને આ સન્માન ગીત લેખનના ક્ષેત્રે અતુલ્ય યોગદાન માટે આપવામાં આવ્યો.

- સેબી (Securities Exchange Board of India)એ ડીએલએફ અને તેના અધ્યક્ષ કે પી સિંહ સહિત છ કાર્યકારી અધિકારીઓ પર ત્રણ વર્ષ માટે સિક્યુરિટી માર્કેટમાં વેપાર કરવા પર પ્રતિબંધ લગાવ્યો. 2007માં આવેલ પ્રથમ સાર્વજનિક શેર નિગમ (IPO)માં કંપનીના તથ્યોને સક્રિય રૂપે અને જાણી જોઇને છુપાવી રાખવા બદલ આ કંપનીને દોષી જાહેર કરાઈ.
- રાજસ્થાન ક્રિકેટ સંઘે આઈપીએલના પૂર્વ કમિશનર લલિત મોદીને અધ્યક્ષ પદેથી દૂર કર્યા અને તેમના સ્થાને કાર્યવાહક અધ્યક્ષ તરીકે ઉપાધ્યક્ષ અમીન પઠાણને નિયુક્ત કર્યા.
- 'મૈસાચુએટ્સ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી'ના શોધકર્તાઓએ 10 કિમી/કલાકની સ્થિર ગતિથી દોડતો રોબોટ બનાવ્યો. તેનું નામ 'વાઈલ્ડ કેટ' રાખવામાં આવ્યું. તે રોબોટના દોડવાથી અવાજ નહિ થાય અને તે કુદી પણ શકશે.
- ઇન્ચિઓન એશીયાઇ રમતોત્સવમાં સુવર્ણચંદ્રક જીતનાર મહિલા મુક્કેબાજ એમ સી મેરીકોમને સેમસંગ ઇંડિયાએ સૌથી મુલ્યવાન ખેલાડીનું સન્માન આપ્યું. મેરીકોમ પાંચ વખત વિશ્વ ચેમ્પિયન અને ઓલિમ્પિક કાંસ્યચંદ્રક વિજેતા છે. મેગ્નીફીશન્ટ મેરીકોમ નામથી પ્રખ્યાત તે એકમાત્ર ભારતીય મહિલા મુક્કેબાજ છે જેઓ વર્ષ 2012ના ગ્રીષ્મકાલીન ઓલિમ્પિક માટે ક્વાલીફાઈ થયા અને ફ્લાઈવેઇટ (51 કિગ્રા)માં કાંસ્યપદક જીત્યો. તેમણે પોતાની આત્મકથા લખી જે વર્ષ 2013માં પ્રકાશિત થઇ અને ફિલ્મ મેરીકોમમાં અભિનેત્રી પ્રિયંકા ચોપડા દ્વારા તેમના સંઘર્ષમય જીવનને દર્શાવવામાં આવ્યું હતું.
- સપ્ટેમ્બર 2014માં શાકભાજી, ફળો, ખાંડ અને તેલ વગેરેની કિંમતમાં આવેલ ઘટાડાથી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પર આધારિત રીટેલ મોંઘવારી દર ઘટીને 6.46% થયો જે જાન્યુઆરી 2012માં 7.65%ના પછી સૌથી ઓછો છે.
- ભારત એશિયા કપ તીરંદાજી ટુર્નામેન્ટના પ્રથમ ચરણની યજમાની જાન્યુઆરી 2015માં દિલ્હીમાં કરશે.
- રાષ્ટ્રપતિ અબ્દ-રબ્બુ મન્સૂર હાદીએ ખાલીદ બહાહને યમનના વડાપ્રધાન નિયુક્ત કર્યા.
- પ્રણવ મુખર્જીની નોર્વેની ત્રણ દિવસીય યાત્રા પૂર્ણ. ભારતના કોઈ રાષ્ટ્રપતિની નોર્વેની આ પ્રથમ રાજકીય યાત્રા હતી. આ યાત્રા દરમ્યાન ભારત અને નોર્વેના રાજકીય સંબંધો વિકસાવવાના હેતુથી 'વ્યવહારિક અને અધિકારીક પાસપોર્ટ ધારકોને વિઝામાં છૂટછાટ આપવા' સહિતના કુલ 13 કરારો નોર્વેની રાજધાની ઓસ્લો ખાતે થયા.
- નવલકથા 'ધ નેરો રોડ ટુ ધ ડીપ નોર્થ' માટે રીચાર્ડ ફ્લૈનાગનને મેન બુકર પુરસ્કાર-2014 આપવામાં આવ્યો. આ નવલકથામાં બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન જાપાની યુદ્ધ બંદી શિબિરમાં કેદ ઓસ્ટ્રેલિયન ડોક્ટરની વાર્તા છે. ફ્લૈનાગનના પિતા જાપાની યુદ્ધ બંદી હતા જેમનું મૃત્યુ 98 વર્ષની વયે નવલકથા પૂર્ણ થયાના એક દિવસ પછી થયું. તેઓ બ્રિટનનો સૌથી પ્રખ્યાત સાહિત્ય પુરસ્કાર જીતનાર ત્રીજા ઓસ્ટ્રેલિયન લેખક છે.

- મુંબઈ હાઈ કોર્ટે 3200 કરોડ રૂપિયાની કર વિવાદ બાબતે વોડાફોનના પક્ષમાં ચુકાદો આપ્યો. આ બાબત ટ્રાન્સફર પ્રાઈસિંગ સંબંધિત ન હોવાથી કોર્ટે આ ચુકાદો આપ્યો.
- ભારત વિરાસત સંશોધન પ્રતિષ્ઠાને હિંદુ ધર્મના વિશ્વ કોષની આંતરરાષ્ટ્રીય આવૃત્તિ રજુ કરી. તેમાં લગભગ 11 વોલ્યુમ અને લગભગ 7000 એન્ટ્રીઝનો સમાવેશ કરાયેલ છે. તેનો હેતુ સમગ્ર વિશ્વને પ્રાચીન ભારતની સમૃદ્ધિ અને કલાકીય હિંદુ સંસ્કૃતિ અને ધરોહરના દર્શન કરાવવાનો છે, જે પ્રમાણિક, શૈક્ષણિક, વ્યાપક અને જ્ઞાનવર્ધક છે.
- જાપાનમાં વોંગફોંગ તોફાન ત્રાટક્યું.
- યુરોમની પત્રિકાએ રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજનને સર્વશ્રેષ્ઠ કેન્દ્રીય બેંક ગવર્નર પુરસ્કાર-2014થી સન્માનિત કર્યા. ડૉ. રઘુરામ રાજન રીઝર્વ બેંકના બીજા ગવર્નર છે જેઓ સિવિલ સેવામાંથી નથી. તેમના પહેલા બિમલ જાલાન એવા ગવર્નર હતા જેઓ ભારતીય સિવિલ સેવામાંથી નહોતા.
- નરેન્દ્ર મોદીએ 16 ઓક્ટોબર, 2014ના રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં એક સમારંભમાં 'પંડિત દીનદયાલ ઉપાધ્યાય શ્રમેવ જયતે' યોજના આરંભ કરી. આ યોજનાનો મુખ્ય હેતુ શ્રમ કાયદાઓમાં સુધારો લાવવા અને શ્રમ પ્રક્રિયાને વધુ સારી બનાવવાનો છે. કર્મચારીઓ માટે 'શ્રમ સુવિધા' પોર્ટલ અને એક નવી 'લેબર ઇન્સ્પેક્શન સ્કીમ' પણ શરુ કરવામાં આવી. 'શ્રમ સુવિધા' પોર્ટલ પર શ્રમ સંબંધી કાયદાઓની માહિતી આપવામાં આવશે. દેશમાં કુલ 44 શ્રમ કાયદા છે જેમાં 16 કેન્દ્ર સરકારના હાથમાં છે. 'શ્રમ સુવિધા' પોર્ટલ પર આ તમામ કાયદાઓની માહિતી આપવામાં આવશે અને શ્રમિકો ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવી શકશે.
- ભારતીય અંતરીક્ષ સંશોધન સંગઠન (ઈસરો)એ દેશના ત્રીજા રીજનલ નેવિગેશનલ ઉપગ્રહ આઈઆરએનએસએસ – 1સી (IRNSS 1C, Indian Regional navigational satellite System)ને આન્ધ્રપ્રદેશ સ્થિત શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરીક્ષ કેન્દ્રથી ધ્રુવીય ઉપગ્રહ લોન્ચિંગ વ્હીકલ પીએસએલવી - સી 26 (PSLV C 26) દ્વારા લોન્ચ કર્યો. આ ઉપગ્રહનું વજન 1425.4 કિગ્રા અને તેનો કાર્યકાળ દસ વર્ષ છે. આ ઉપગ્રહ આઈઆરએનએસએસ શ્રેણીના સાત ઉપગ્રહોમાં ત્રીજો છે. આઈઆરએનએસએસ સિસ્ટમમાં સાત ઉપગ્રહો હશે અને તેને 1420 કરોડ રૂપિયાના ખર્ચે વર્ષ 2015 સુધી પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.
- જમ્મુ કાશ્મીર પોલીસની નિરીક્ષક શક્તિદેવીને આંતરરાષ્ટ્રીય મહિલા પોલિસ શાંતિરક્ષક પુરસ્કાર-2014થી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને અફગાનિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં ડ્યુટીમાં અસાધારણ સિદ્ધિઓ મેળવવા તથા યૌન અને લૈંગિક હિંસાના ભોગ બનેલાઓને મદદ કરવાના પ્રયાસો માટે વિશ્વ નિગમની પોલિસ શાખાએ આ પ્રતિષ્ઠિત

www.crackgpsc.com

પુરસ્કાર આપ્યો. શક્તિ દેવી અફગાન મહિલા પોલીસને આતંકવાદ સામે લડવાની અને મહિલાઓને સ્વનિર્ભર થવાની તાલીમ આપી રહ્યાં છે.

- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે તમાકુ ઉત્પાદનના પેકેટની બંને બાજુ 85% ભાગમાં ચેતવણી રાખવાનું અનિવાર્ય જાહેર કર્યું. આ અધિસુચના અનુસાર 1 એપ્રિલ 2015થી આ નિયમ સમગ્ર દેશમાં એક સાથે લાગુ થશે. આ નિયમ અનુસાર તમાકુના પેકેટની બંને બાજુના 85% ભાગમાંથી 60% ભાગમાં એવા ચિત્રો હશે, જેમાં કેન્સરનું રૌદ્ર રૂપ દર્શાવવામાં આવશે, જયારે 25% ભાગમાં ચેતવણીના શબ્દો લખેલા હશે. સિગરેટ અને અન્ય તમાકુ ઉત્પાદન અધિનિયમ (કોટપા) 2003 અનુસાર અત્યારે તમાકુ ઉત્પાદનના પેકેટની માત્ર એક બાજુ 40% ભાગમાં ચેતવણી હોય છે. અત્યારે થાઈલેન્ડ માત્ર એવો દેશ છે, જ્યાં તમાકુ ઉત્પાદનના પેકેટ પર 85% ભાગમાં આવી ચેતવણી છાપવામાં આવે છે.
- કેન્દ્રીય કાયદા આયોગે 113 અપ્રાસંગિક કાયદાઓ સમાપ્ત કરવાનો મુસદ્દો કેન્દ્ર સરકારને સોંપ્યો.
- ભારત અને બ્રિટને આગામી પાંચ વર્ષોમાં સંસ્કૃતિ સહયોગ માટે એમઓયુ કર્યા.
- ભારતની ઇન્ડિગોએ '250એ -320 નીઓ' વિમાન ખરીદવા માટે એરબસ ગ્રુપ સાથે 25.5 બિલીયન ડોલરના એમઓયુ કરાર કર્યા. ઇન્ડિગો એક ઓછી કિંમત વાળી યાત્રી સેવા તથા ભારતની સૌથી મોટી વિમાન સેવા છે.




## ➢ 3rd week

- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ભારતમાં પશુઓ પર પરીક્ષણ કરેલ સૌંદર્ય પ્રસાધનોની આયાત પર પ્રતિબંધ મુક્યો. આ પહેલા દેશમાં કોસ્મેટીક પશુ પરીક્ષણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ડ્રગ્ઝ અને કોસ્મેટિક્સ (પાંચમું સંશોધન) એક્ટ 135બી નામના કાયદા બાદ આવા કોઈ પણ સૌંદર્ય ઉત્પાદનની દેશમાં આયાત નહિ કરી શકાય. આ પ્રતિબંધ 13 નવેમ્બર, 2014ના રોજ અમલમાં આવશે. આ સાથે જ ભારત દક્ષિણ એશિયામાં સૌંદર્ય પ્રસાધન ઉત્પાદનની બાબતે ક્રુરતા મુક્ત દેશ બની ગયો. હ્યુમન સોસાયટી ઇન્ટરનેશનલનું 'બી ક્રુઅલ્ટી ફ્રી' અભિયાન ભારતમાં સૌન્દર્ય પ્રસાધન માટે પશુ પરીક્ષણ સમાપ્ત કરવા માટેનું અભિયાન છે.
- ગ્વાલેમાટાના વિદેશમંત્રી કાર્લોસ રાઉલ મોરલેસ મોસ્કોંસોની ભારતયાત્રા પૂર્ણ થઇ.

www.crackgpsc.com

- ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશને (IOC) કેનેડાના બ્રિટીશ કોલમ્બિયા પ્રાંતથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) પ્રાપ્ત કરવા માટે 4 અબજ ડોલરનું રોકાણ કરવાની જાહેરાત કરી. આ રોકાણ કેનેડામાં IOCનું ભારત માટે પ્રાકૃતિક ગેસનો સુરક્ષિત ભંડાર મેળવવા માટેનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે. IOC ફોર્ચ્યુન ગ્લોબલ 500ની યાદી અનુસાર દુનિયાની 34મું સૌથી મોટું નિગમ છે અને રાજસ્વના ક્રમમાં ભારતનું સૌથી મોટું સાર્વજનિક નિગમ છે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીએ ભારતમાં ફેબ્રુઆરી 2015માં પેરાલમ્પિક ગેમ્સના આયોજનની ઘોષણા કરી.
- કેન્દ્ર સરકારે અમેરિકા સ્થિત અર્થશાસ્ત્રી અરવિંદ સુબ્રમણ્યમને કેન્દ્રીય નાણા મંત્રાલયમાં મુખ્ય આર્થિક સલાહકાર (CEA) તરીકે નિમ્યા. અરવિંદ સુબ્રમણ્યમને ત્રણ વર્ષના ગાળા માટે આ પદે નિયુક્ત કર્યા. ડૉ. સુબ્રમણ્યમ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)માં અર્થશાસ્ત્રી તથા જી-20 પર નાણા મંત્રીના નિષ્ણાત ગ્રુપના સભ્ય પણ હતા.
- બાર્સેલોના ક્લબના ફૂટબોલ ખેલાડી લુઇસ સુઆરેજે વર્ષ 2013ના સત્રમાં યુરોપના ટોચના સ્કોરર તરીકે કેની ડાલગ્લિશથી 'ગોલ્ડન બુટ'નો પુરસ્કાર મેળવ્યો.
- ઓરિસ્સાના ચાંદીપુર રેન્જથી ક્રુઝ મિસાઈલ નિર્ભયનું સફળતાપૂર્વક પ્રાયોગિક પરીક્ષણ કરવામાં આવ્યું. આ મિસાઈલ 1000 કિમી સુધી માર કરી શકે છે.
- તાશી અને નુંગ્શી માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વના પ્રથમ જોડિયા બહેનો બન્યાં.
- કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે ઓએનજીસીના કૃષ્ણા ગોદાવરી બેસિન કેજી-D5 બ્લોકમાં ગેસ શોધખોળ યોજનાનો વિકાસ કરવામાં વિલંબના કારણોની તપાસ કરવા માટે બી એન તાલુકરની અધ્યક્ષતા વાળી સમિતિની રચના કરી.
- યુરોપીય સંઘ (EU)ની કોર્ટ ઓફ જસ્ટીસે (The Court of Justice of the European Union) વર્ષ 2006માં EU દ્વારા લીટ્ટે પર લાદેલ એ પ્રતિબંધ રદ કર્યા જેમનો હેતુ આતંકવાદનો સામનો કરવાનો હતો. લીટ્ટે વિશ્વનું એક પ્રમુખ આતંકવાદી સંગઠન છે. તેની સ્થાપના વર્ષ 1975માં વેલુપિલ્લાઇ પ્રભાકરણે શ્રીલંકામાં 'તમિલ અલગાવાદી' સંગઠન તરીકે કરી હતી.




www.crackgpsc.com

- કોટક મહિન્દ્રા બેંકે ફેસબુક આધારિત ધન હસ્તાંતરણ પ્લેટફોર્મ કેપે (Kay Pay)ની શરૂઆત કરી. હાલમાં કોઈ પણ ખાતા ધારક મોબાઈલ ફોન દ્વારા કોઈ પણ વ્યક્તિને પૈસા મોકલી શકાય છે, જે આઈએમપીએસ સિસ્ટમથી શક્ય બનેલ છે. આ પ્લેટફોર્મ પર અત્યારે 28 બેંક છે અને આ બેંકોમાંથી કોઈપણના ખાતા ધારક હાલમાં શરુ થયેલ આ સેવાનો ઉપયોગ કરી શકે છે. કોટક બેંકે આ માધ્યમથી એક વારમાં 2500 રૂપિયાની લિમીટ રાખેલ છે. કેપેના માધ્યમથી માસિક 25000 રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે તેમજ પૈસા મેળવનાર પણ માસિક 25000 રૂપિયાથી વધુ નાણાં નહિ મેળવી શકે.
- ભારતીય મૂળના અમેરિકન મહિલા વનિતા ગુપ્તાની અમેરિકન ન્યાય મંત્રાલયના સીટીઝન રાઈટ્સ ડીપાર્ટમેન્ટના પ્રેસિડેન્ટ તરીકે નિમણુક થઇ. અમેરિકન સિવિલ લીબર્ટીઝ યુનિયનના મુખ્ય વકીલ વનિતા ગુપ્તા આ પદ પર આવનાર પ્રથમ દક્ષિણ એશિયન છે. તેઓ અમેરિકામાં નાગરિક અધિકારોના પ્રખ્યાત વકીલ છે.
- અંતરીક્ષ યાત્રીઓએ યુરેનસ જેવા એક નવા ગ્રહની શોધ કરી. આ ગ્રહ અહીંથી 25000 પ્રકાશવર્ષના અંતરે એક દ્વીતારા મંડળમાં સ્થિત છે. પ્રથમ વાર કોઈએ આઈસ જાયંટ ગ્રહો યુરેનસ અને નેપ્ચ્યુન જેવો ગ્રહ શોધ્યો છે. યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહો મોટા ભાગે હાઇડ્રોજન અને હિલીયમથી બનેલ છે. બંનેમાં પૂરતા પ્રમાણમાં મિથેન આઈસ હોવાને લીધે જોવામાં નીલા રંગના લાગે છે.
- ક્રેડીટ સુઈસ ગ્લોબલ વેલ્ધ રિપોર્ટ-2014 (Credit Suisse Global Wealth Report- 2014) મુજબ, ભારત અતિ અમીરોની (અલ્ટ્રા હાઈ નેટવર્થ ઇન્ડિવિજ્યુઅલ, UHNI) બાબતે દુનિયામાં 11મા સ્થાને છે. જ્યારે અમેરિકા પ્રથમ સ્થાને છે. અમેરિકામાં વિશ્વના અડધા UHNI રહે છે.
- ગુજરાતના 13 વર્ષીય વિદ્યાર્થી ગ્રંથ ઠક્કરે 6ઠ્ઠી વર્લ્ડ મેન્ટલ એરિથમેટિક ચેમ્પિયનશીપમાં કીડ્ઝ કેટેગરીમાં સુવર્ણચંદ્રક જીત્યો. જર્મનીમાં આયોજિત આ સ્પર્ધામાં 18 દેશોના 40 યુવા ગણિતજ્ઞોએ ભાગ લીધો. ઠક્કરે ઓછા સમયમાં કોઈ પણ ભૂલ વગર ગણિતના મુશ્કેલ પ્રશ્નોના જવાબ આપ્યા. સ્પર્ધા દરમ્યાન ગ્રંથને વર્લ્ડ ફાસ્ટેસ્ટ નંબર ગેમ 'ફ્લેશ અંજન' માં સુવર્ણચંદ્રક મળ્યો.
- ભારત અને ચીન વચ્ચે સીમા વ્યવસ્થા પર થયેલ બે દિવસીય ચર્ચા નવી દિલ્હીમાં પૂર્ણ થઇ. આ મીટીંગનો હેતુ ભારત અને ચીન વચ્ચે પરામર્શ અને સમન્વય માટે રચાયેલ તંત્ર હેઠળ સીમા ક્ષેત્રોમાં શાંતિ અને ધૈર્ય જાળવી રાખવાના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો હતો.
- મંત્રીમંડળની નિયુક્તિ સમિતિ (એસીસી)એ કેન્દ્રીય નાણા મંત્રાલયની આર્થિક બાબતોના વિભાગમાં કેન્દ્રીય નાણા સચિવ તરીકે રાજીવ મહર્ષિની નિમણુકની મંજુરી આપી. કેન્દ્રએ

www.crackgpsc.com

નાણા સચિવ અરવિંદ માયારામના સ્થાને રાજસ્થાનના મુખ્ય સચિવ રાજીવ મહર્ષિને નિયુક્ત કર્યા. અને માયારામને પર્યટન વિભાગના સચિવ બનાવવામાં આવ્યા.

- પ્રથમ મોનેટ સ્ટીલ એલીટ મહિલા રાષ્ટ્રીય મુક્કેબાજી ચેમ્પિયનશિપ બલવીર સિંહ જુનેજા ઇન્ડોર સ્ટેડિયમ, રાયપુર, છત્તીસગઢમાં યોજવામાં આવી. તેમાં કેરળની મહિલા મુક્કેબાજ મીના કુમારીએ બેન્થમવેટ વર્ગ (51-54 કિગ્રા)માં સુવર્ણચંદ્રક જીત્યો. તે સાથે જ તેમની 'મોસ્ટ પ્રોમિસિંગ' મુક્કેબાજ તરીકે પસંદગી થઇ. રેલવેના પ્રિયંકા ચૌધરી ટુર્નામેન્ટનાં 'બેસ્ટ મુક્કેબાજ' ચૂંટાયા.
- વિશ્વભરમાં 16 ઓક્ટોબરે વિશ્વ ખાદ્ય દિવસ ઉજવાયો. આ વર્ષે વિશ્વ ખાદ્ય દિવસ માટેનો વિષય - પારિવારિક ખેતી : દુનિયા માટે ભોજન, પૃથ્વી માટેની ચિંતા છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 2014ને પારિવારિક ખેતીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે પસંદ કર્યું.
- અંગોલા, મલેશિયા, ન્યુઝીલેન્ડ, સ્પેન, વેનેઝુએલાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી) ના અસ્થાઈ સભ્ય ચૂંટ્યા.
- ધૂમકેતુ સાઈડિંગ સ્પ્રિંગની હાનિકારક અસરોથી બચવા માટે ઈસરોએ મંગળ ગ્રહ પરિક્રમાયાન, મંગળયાનને પુનઃસ્થાપિત કર્યું.
- ડૉ. સંજય રાજારામને તેમની વૈજ્ઞાનિક શોધ માટે 2014નો વિશ્વ ખાદ્ય પુરસ્કાર એનાયત થયો. તેમણે ઘઉંની લગભગ 480 જાતોનો વિકાસ કર્યો, જેનો છ મહાદ્વીપોમાં, 51 દેશોમાં અને લગભગ 58 હેક્ટરથી વધુ ખેતી લાયક જમીન પર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ડૉ. રાજારામે પાછલા ચાર દશકાઓ દરમ્યાન વાર્ષિક વૈશ્વિક ઘઉં ઉત્પાદનમાં 1.3% વૃદ્ધિને પ્રાપ્ત કરવામાં મદદ કરી. હાલમાં ડૉ. રાજારામ સુકા ક્ષેત્રોમાં કૃષિ શોધખોળ માટે ઇન્ટરનેશનલ સેન્ટરમાં એક વરિષ્ઠ વૈજ્ઞાનિક સલાહકારના પદ પર કાર્યરત છે. વિશ્વ ખાદ્ય પુરસ્કારને નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા ડૉ. નોર્મન બોરલોગ દ્વારા વર્ષ 1987માં શરુ કરવામાં આવ્યો હતો. પ્રથમ વિશ્વ ખાદ્ય પુરસ્કાર વર્ષ 1987માં ભારતીય વૈજ્ઞાનિક એમ એસ સ્વામિનાથનને આપવામાં આવ્યો હતો.
- કેન્દ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયે સંયુક્ત ભારત-કેનેડા વિજ્ઞાન કાર્યક્રમની શરૂઆત કરી જે મુજબ શુદ્ધ પાણીની ટેકનિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- ભારત અને કેનેડાએ બંને દેશો વચ્ચે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે સંયુક્ત સહયોગ માટેના એમઓયુ કર્યા.
- બ્રિટન સરકારે ભારત સાથે સંબંધ મજબુત કરનારાઓને સન્માનિત કરવા માટે દાદાભાઈ નવરોજી પુરસ્કારોની જાહેરાત કરી. પુરસ્કારના પ્રથમ ત્રણ વિજેતાઓમાં બ્રિટન-ભારત વેપાર પરિષદના સભ્ય પેટ્રેશિયા હેવિટ (વાણિજ્ય), આશા ખેમકા અને એકટર માધવ શર્મા (સંસ્કૃતિ) સામેલ છે. આશા ખેમકા યાદીમાં સામેલ થનાર ભારતીય મૂળનાં પ્રથમ શિક્ષિકા છે.

www.crackgpsc.com

- ભારતે ગાઝાના પુનઃનિર્માણ માટે 40 લાખ ડોલરની સહાય આપવાની ઘોષણા કરી.
- ભારતીય રીઝર્વ બેંક અને કેન્યાના સેન્ટ્રલ બેંકે (સીબીકે) સુપરવાઈઝરી સુચનાની આપ લે અને સુપરવાઈઝરી સહયોગ માટે સહમતિ પત્ર પર હસ્તાક્ષર કર્યા.
- હરિકેન ગોન્જાલોએ 185 કિમી/કલાકના પવનો સાથે બરમુડાને અસર કરી.
- ભારતની અંડર-21 પુરુષ હોકી ટીમે સુલતાન જોહોર કપ ટુર્નામેન્ટની ફાઈનલમાં બ્રિટનને હરાવીને સતત બીજી વખત ખિતાબ જીત્યો. આ સાથે ભારત પ્રથમ એવી ટીમ બની ગયું કે જેણે આ ટુર્નામેન્ટમાં ખિતાબ મેળવવાનું જાળવી રાખ્યુ. આ ટુર્નામેન્ટની શરૂઆત 2011માં થઇ હતી. પ્રથમ ખિતાબ મલેશિયાએ જીત્યો હતો.
- ભારતે બીજી એશિયન પેરા ગેમ્સ 2014માં 6 ચંદ્રક (4 રજત અને 2 કાંસ્ય) જીત્યા. આ ગેમ્સમાં મુખ્યત્વે શારીરિક વિકલાંગ ખેલાડીઓ ભાગ લે છે.
- કેન્દ્ર સરકારે ડીઝલના ભાવ પરથી સરકારી નિયંત્રણ દૂર કરવાનો નિર્ણય લીધો.
- નરેન્દ્ર મોદીએ પંડિત જવાહરલાલ નહેરુની 125મી જયંતી ઉજવવા માટે એક રાષ્ટ્રીય સમિતિની રચના કરી. આ સમિતિના અધ્યક્ષ વડાપ્રધાન હશે.
- વૈજ્ઞાનિકોએ માત્ર બે મિનીટમાં જ 70% સુધી રીચાર્જ થઇ શકે એવી બેટરી વિકસાવી. સિંગાપુરની નાન્યાંગ ટેકનોલોજીકલ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોએ એક સ્માર્ટ બેટરીનો વિકાસ કર્યો છે. ચાર્જીંગ પ્રક્રિયા ઝડપી બનાવવા માટે જેલ આધારિત સામગ્રીનો ઉપયોગ કરવામાં આવેલ છે. બેટરીના એનોડમાં ગ્રેફાઇટના સ્થાને ટાઈટેનિયમ ઓક્સાઈડથી બનેલ એક જેલનો ઉપયોગ કરવામાં આવેલ છે. હફિંગટન પોસ્ટના રિપોર્ટ મુજબ, ટાઈટેનિયમ ઓક્સાઈડથી બનેલ આ એનોડ બેટરીમાં રાસાયણિક પ્રતિક્રિયાને ઝડપી બનાવે છે. આ બેટરી 10 હજાર વખત સુધી ચાર્જ થઇ શકે છે અને 20 વર્ષ સુધી ઉપયોગમાં લઇ શકાય છે.
- કેન્દ્ર સરકારે ડીરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાને ફરીથી શરુ કરવાનો નિર્ણય લીધો.
- મહારાષ્ટ્રની 2014ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો. ભાજપે કુલ 122 સીટો મેળવી. આ ચૂંટણીમાં કોઈ પણ પક્ષે સ્પષ્ટ બહુમતી નથી મેળવી.
- કુલ 90 વિધાનસભા સીટો માટે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં 47 સીટો મેળવીને ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો.
- જળ સંસાધન મંત્રાલયના પૂર્વ સચિવ બી એન નવાલાવાલાની અધ્યક્ષતામાં જળ ક્ષેત્ર સંબંધી બાબતોમાં મદદ આપવા માટે નિષ્ણાત સલાહકાર સમૂહની રચના. નિષ્ણાત સલાહકાર સમૂહમાં બે અન્ય સલાહકાર સભ્યો પણ હશે, જેમની નિમણુક મુખ્ય સલાહકારની સલાહ મુજબ કરવામાં આવશે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રીના સલાહકાર અને UPSCના સભ્ય રહી ચુક્યા છે. નવાલાવાલાએ પોતાની કારકિર્દીમાં કેટલાક મહત્વપૂર્ણ કર્યો પાર પડયા

www.crackgpsc.com

છે જેમાં દેશમાં પ્રથમ વખત વર્ષ 1976માં અંડરવોટર HDPE પાઈપલાઈનને લગાવવાનું કાર્ય સામેલ છે.

- જોકો વિદોદોએ ઇન્ડોનેશિયાના સાતમા રાષ્ટ્રપતિ તરીકેના શપથ ગ્રહણ કર્યા. તેમણે પોતાના પ્રતિદ્વંદ્વી પૂર્વ જનરલ પ્રાબોવો સુબિયાંતોને હરાવ્યા.
- મિસરે નવનિર્મિત સુએઝ નહેરમાંથી કાંપ નિકાલ માટે છ અંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે એક કોન્ટ્રાક્ટ કર્યો. નવી સુએઝ નહેરનું નિર્માણ 145 વર્ષ જૂની સુએઝ નહેરની બાજુમાં કરવામાં આવી રહ્યું છે જે યુરોપ અને એશિયા વચ્ચેનો સૌથી ઝડપી સમુદ્ર માર્ગ છે. નવી નહેરના નિર્માણને રાષ્ટ્રપતિ સીસી દ્વારા નિર્ધારિત લક્ષ્ય ઓગસ્ટ 2015 સુધી પૂર્ણ કરવામાં આવનાર છે.
- કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા સૂચકાંક (AQI)ની શરૂઆત કરી. આ સૂચકાંક સ્વચ્છ ભારત અભિયાન હેઠળ એક પહેલ છે. આ પહેલાનો સૂચકાંક ત્રણ માપદંડ સુધી જ મર્યાદિત હતો, જ્યારે આ સૂચકાંકમાં પાંચ વધારાના માપદંડો હોવાથી ઘણો વ્યાપક થઇ ગયો છે. પ્રસ્તાવિત સૂચકાંક આઠ માપદંડો પર આધારિત હશે. (પીએમ 10, પીએમ 2.5, નાઈટ્રોજન ઓક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, ઓઝોન, એમોનિયા અને લેડ)
- દક્ષિણ આફ્રિકાની એક અદાલતે 'બ્લેડ રનર' ઓસ્કાર પિસ્ટોરિયસને પોતાની મહિલા મિત્ર રીવા સ્ટીનકેંપની હત્યાના આરોપસર પાંચ વર્ષની સજા ફટકારી. ઓસ્કાર પિસ્ટોરિયસ દક્ષિણ આફ્રિકાના 'બ્લેડ રનર' (કૃત્રિમ પગ)થી દોડમાં ભાગ લેનાર ખેલાડી છે. તેમણે લંડનમાં વર્ષ 2012માં આયોજિત પેરાલમ્પિકમાં 400 મીટર દોડનો સુવર્ણચંદ્રક જીત્યો હતો.
- કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પરિયોજનાના પ્રથમ ચરણને મંજુરી આપી. અમદાવાદ મેટ્રોના પ્રથમ ચરણ માટે 10,773 કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા. તે મુજબ 35.96 કિમીની મેટ્રો રેલ યોજનાને મંજુરી આપવામાં આવી. આ યોજનાને મેટ્રો લિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ એહમદાબાદ (Metro link Express for Gandhinagar and Ahmedabad, MEGA) કંપની દ્વારા પૂર્ણ કરવામાં આવશે જેનું ગુજરાત સરકાર અને ભારત સરકારની 50:50 પ્રમાણ વાળી એક સંયુક્ત માલિકી વાળી કંપનીમાં રૂપાંતર કરવામાં આવશે. અમદાવાદ ભારતનું સાતમું સૌથી મોટું મહાનગર છે અને ગુજરાતની કુલ વસ્તીના લગભગ 12% આ શહેરમાં નિવાસ કરે છે.
- ભારત-બાંગ્લાદેશ સંયુક્ત રાફટીંગ અભિયાન અરુણાચલ પ્રદેશના પશ્ચિમ સિયાંગ જીલ્લામાં સિયોમ નદી પર યોજવામાં આવશે.
- દક્ષિણ આફ્રિકા પર્યટને ગાંધી પ્રેરિત પર્યટક આકર્ષણ પરિયોજના શરુ કરી. તેમાં એવા 13 સ્થળોની ઓળખ આપવામાં આવેલ છે જે દક્ષિણ આફ્રિકામાં મોહનદાસ કરમચંદ ગાંધીના

સમયે મુખ્ય હતાં. દક્ષિણ આફ્રિકા પર્યટન વિભાગ હેઠળ દક્ષિણ આફ્રિકન પર્યટને જોહનિસબર્ગમાં આ પરિયોજનાની શરૂઆત કરી છે.

- ઉષ્ણકટિબંધીય તોફાન ટ્રુડીએ મેક્સીકોમાં અસર કરી.
- ભારત વર્ષ 2015-17 માટે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના સભ્ય તરીકે ફરીથી ચૂંટાયું. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદનું મુખ્યાલય જીનેવામાં સ્થિત છે.
- ભારત અને નેપાળે વીજ વેપાર કરાર કર્યા.
- એસોચેમના એક રિપોર્ટ મુજબ, ઉત્તરપ્રદેશ દેશનું સૌથી બીમારુ રાજ્ય છે. બિહાર 7.6% CAGRના આંકડા પ્રાપ્ત કરીને બીમારુ રાજ્યોમાં સૌથી સારી સ્થિતિમાં રહ્યું.
- પાકિસ્તાની કિશોરી અને નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફ્જઈને અમેરિકાના લીબર્ટી મેડલથી સન્માનિત કરવામાં આવ્યાં. તેઓ અમેરિકન પુરસ્કાર પ્રાપ્ત કરનાર સૌથી યુવાન વિજેતા છે.
- ભારતીય મૂળના એક અમેરિકન વિદ્યાર્થી સાહિલ દોશીએ 'અમેરિકાઝ ટોપ યંગ સાયન્ટીસ્ટ'નો પુરસ્કાર જીત્યો. તેમને આ પુરસ્કાર પર્યાવરણને અનુકુળ એવું ઉપકરણ બનાવવા માટે આપવામાં આવ્યો, જે ઘરોમાં વીજળી પુરવઠા દરમ્યાન કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરે છે.
- સ્ટેટ બેંકે ગ્રાહકો માટે એક નવી સુવિધા 'એમ-પાસબુક' શરુ કરી. બેંકે 'સ્ટેટ બેંક કહીં ભી' મોબાઈલ એપ્લીકેશન પર આ સુવિધા પોતાના રીટેલ ગ્રાહકો માટે શરુ કરી છે.ચેરપર્સન અરુંધતિ ભટ્ટાચાર્યએ તેની શરૂઆત કરતા જણાવ્યું કે, 'એમ-પાસબુક' બચત અને ચાલુ ખાતાની પાસબુકને બદલે એક ઈલેક્ટ્રોનિક એપ્લીકેશન આધારિત પાસબુક સેવા છે.
- સેરેના વિલિયમ્સે રોમાનિયાની સિમોના હાલેપને હરાવીને ડબલ્યુટીએ(WTA) ફાઈનલ્સની મહિલા એકલનો ખિતાબ જીત્યો. આ સાથે જ સેરેનાએ WTA ફાઈનલ્સ ખિતાબની હેટ્રિક પૂરી કરી.
- દક્ષિણ આફ્રિકાની ફૂટબોલ ટીમના ગોલકીપર તેમજ કેપ્ટન સેન્જો મેયીવાની હત્યા થઇ.




www.crackgpsc.com

- ગુગલના સિનીયર વાઈસ પ્રેસિડેન્ટ એલન યુસ્ટેસે હાઈએસ્ટ ફ્રી-ફોલ પેરાશુટ જંપ (સૌથી અધિક ઊંચાઈથી પેરાશુટ છલાંગ)નો રેકોર્ડ તોડ્યો. તેમણે ઓસ્ટ્રિયાના ફેલિક્સ બાઉમગાર્ટનર (1,28,000 ફૂટની ઊંચાઈ)નો રેકોર્ડ 1,35,908 ફૂટની ઊંચાઈએથી જંપ મારીને તોડ્યો.
- સાનિયા મિર્ઝા અને ઝિમ્બાબ્વેની કારા બ્લેકની જોડીએ વર્ષ 2014ની અંતિમ ટુર્નામેન્ટ WTA ફાઈનલ્સની મહિલા યુગલનો ખિતાબ જીત્યો.
- આંતરરાષ્ટ્રીય મુક્કેબાજી સંઘે (AIBA) ઇન્ચિઓન એશિયન ખેલ 2014માં એક વિવાદિત નિર્ણયનો વિરોધ કરવા બદલ ભારતીય મુક્કેબાજ લાઇશરામ સરિતા દેવીને અસ્થાઈ રીતે સસ્પેન્ડ કર્યા.




## ➢ 4th week

- અશ્વિકા કપૂરે ન્યુ કમર કેટેગરીમાં પોતાની ફિલ્મ 'સિરોક્કો-હાઉ એ ડુડ બીકેમ અ સ્ટુડ' માટે પ્રતિષ્ઠિત 'વાઈલ્ડ સ્ક્રીન પાંડા એવોર્ડ 2014' જીત્યો. આ વન્ય જીવન ફોટોગ્રાફી પુરસ્કાર જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની ગયાં. પાંડા એવોર્ડને પ્રાકૃતિક ઈતિહાસના ગ્રીન ઓસ્કાર નામથી પણ ઓળખવામાં આવે છે. કાકાપો પેરટ (પોપટ) 2012થી જ આઈયુસીએન રેડ લીસ્ટમાં લુપ્તપ્રાય પ્રજાતિઓમાંથી છે. આ પક્ષી ન્યુઝીલેન્ડમાં જોવામાં આવે છે. અશ્વિકા કપૂર ભારતમાં 'એનીમલ પ્લેનેટ' ટીવી ચેનલ માટે બે વન્યજીવ શોના પ્રોડક્શનમાં વ્યસ્ત છે.
- હિન્દી ફિલ્મ હૈદરને 9મા રોમ ફિલ્મોત્સવમાં વિશ્વ ફિલ્મ શ્રેણીમાં પીપુલ્સ ચોઈસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી. આ ફિલ્મ વિશાલ ભારદ્વાજ દ્વારા નિર્દેશિત અને શાહિદ કપૂર અને શ્રદ્ધા કપૂર દ્વારા અભિનીત છે. આ ફિલ્મોત્સવ ઇટાલીમાં યોજાયો. આ ફિલ્મ કાશ્મીરની પૃષ્ઠભૂમિ પર બનાવવામાં આવેલ છે અને શેક્સપિયરની કૃતિ 'હેમલેટ' પર આધારિત છે.
- ભારતના ગોલ્ફર અનિર્બાન લાહિડીએ મકાઉ ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટ 2014નો ખિતાબ જીત્યો.



www.crackgpsc.com

- કેન્દ્ર સરકારે દર વર્ષે 31 ઓક્ટોબરે સરદાર વલ્લભભાઇ પટેલની જયંતીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. સરકારે ભારતને એક બનાવવા માટે સરદાર પટેલના પ્રયત્નો પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે આ નિર્ણય કર્યો.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ શ્રીલંકાના બૌદ્ધ ભિક્ષુ અનાગારિક ધર્મપાલ પર સ્મારક ટપાલ ટીકીટ રજુ કરી. અનાગારિક ધર્મપાલ આધુનિક ભારતમાં બૌદ્ધ ધર્મના પ્રચાર પ્રસાર માટે પ્રખ્યાત છે.
- વિયેતનામના વડાપ્રધાન નુએન તન જુંગ બે દિવસની ભારત યાત્રા પર ગયા (બિહાર) પહોંચ્યા.
- ડેલ્મા રોસેફ બીજા કાર્યકાળ માટે બ્રાઝિલના રાષ્ટ્રપતિ (37મા) નિયુક્ત થયાં. તેઓ 2010માં બ્રાઝિલનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં હતાં. બ્રાઝિલના રાષ્ટ્રપતિનો કાર્યકાળ ચાર વર્ષનો હોય છે.
- ભારતીય મૂળના અજયપાલ બંગાને પ્રતિષ્ઠિત બીઝનેસ પત્રિકા હાર્વર્ડ બીઝનેસ રીવ્યુએ દુનિયાના 100 સર્વશ્રેષ્ઠ સીઈઓની યાદીમાં સમાવ્યા. આ યાદીમાં એમેઝોન કંપનીના સીઈઓ જેફ્રી બીજોસ ટોચ પર છે. યાદીમાં એકમાત્ર ભારતીય મૂળના ટોચના અધિકારી માસ્ટરકાર્ડના સીઈઓ અજયબંગા છે. તેઓ યાદીમાં 64મા સ્થાને છે.
- કોંગોના સ્ત્રીરોગ નિષ્ણાત ડેનિસ મુખવેગી મુખેનગેરેએ પ્રતિષ્ઠિત સખારોવ માનવાધિકાર પુરસ્કાર 2014 જીત્યો. તેમને આ સન્માન કોંગો ગણરાજ્યના હજારો રેપ પીડીતાઓની મદદ કરવાના પ્રયાસ માટે આપવામાં આવ્યું. આ પુરસ્કારનું નામ પ્રખ્યાત રશિયન વૈજ્ઞાનિક આન્દ્રે સખારોવના નામે રાખવામાં આવ્યું હતું. દુનિયાભરમાં માનવાધિકારીને પ્રોત્સાહન આપવા અને લોકતંત્ર માટે તેમના મહત્વપૂર્ણ યોગદાનને માન્યતા આપે છે. આ પુરસ્કાર અસહિષ્ણુતા, કટ્ટરતા અને હેરાનગતિનો સામનો કરનાર અસામાન્ય વ્યક્તિઓને નવાજવા માટે આપવામાં આવે છે.
- ભારતીય મૂળનાં અમેરિકન અનીતા એમ સિંહ અમેરિકાના ન્યાય વિભાગમાં રાષ્ટ્રીય સુરક્ષા ડીપાર્ટમેન્ટ (એનએસડી)ના ચીફ સ્ટાફ અને કાઉન્સેલર તરીકે નીમાયા.
- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને (WHO) નાઈઝીરીયાને ઇબોલામુક્ત દેશ જાહેર કર્યો. નાઈઝીરીયામાં છેલ્લા 42 દિવસોમાં ઇબોલા વાયરસનો એક પણ કેસ સામે નથી આવ્યો. આ 42 દિવસનો સમયગાળો ઇબોલાના ઇન્ક્યુબેશન સમય (21 દિવસ) કરતા બમણો છે. WHO અનુસાર 42 દિવસમાં ઇબોલા વાયરસનો કોઈ નવો કેસ સામે ના આવવાથી કોઈ પણ દેશને ઇબોલામુક્ત ઘોષિત કરાય છે.

www.crackgpsc.com

- કેન્દ્રીય શ્રમ અને રોજગાર, સ્ટીલ અને ખાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે મુંબઈમાં વર્ષ 2013 માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ પુરસ્કાર (NSCI) આપ્યો. ચાર શ્રેણીઓમાં કુલ 85 સંસ્થાઓને આ પુરસ્કાર અપાયા.
- દુબઈમાં રહેનાર ભારતીય મૂળના નેત્ર ચિકિત્સક વિનોદ ગાઉબાને સ્વાસ્થ્ય સેવા ક્ષેત્રે યોગદાન માટે મહાત્મા ગાંધી પ્રવાસી સન્માનથી નવાજવામાં આવ્યા. તેમને નેત્રહિનો માટે કામ કરવા માટે અને નેત્ર વિજ્ઞાન ક્ષેત્રે મહત્વની ભૂમિકા માટે લંડનના હાઉસ ઓફ લોર્ડ્સમાં આ સન્માન આપવામાં આવ્યું.
- રક્ષા મંત્રાલયે ઇઝરાયેલ પાસેથી 8000 કરોડ રૂપિયાની એન્ટી ટેંક મિસાઈલ ખરીદવાના સોદાને મંજુરી આપી.
- રિયલ્ટી ક્ષેત્રની કંપની એમાર એમજીએફ લેન્ડ લિમીટેડે પોતાના ગ્રાહકો માટે ઓનલાઈન પેમેન્ટની સુવિધા પૂરી પાડવા માટે પેમેન્ટ ગેટ વે ફર્મ પે યુ ઇન્ડિયા (Pay U India) સાથે કરાર કર્યો.
- જાપાનની દુરસંચાર કંપની સોફ્ટબેંકે આગામી વર્ષોમાં ભારતના આઈ ટી અને સંચાર ક્ષેત્રમાં 10 બિલિયન ડોલર (60000 કરોડથી વધુ રૂપિયા)ના રોકાણની ઘોષણા કરી.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને ભારતના તપેદિક-મિશન 2020 ની ઘોષણા કરી. આ અભિયાનનો મુખ્ય હેતુ વર્ષ 2020 સુધી ટીબીને નાબુદ કરવાનો છે.
- વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના ફેલો અને સમાચાર પત્ર 'ધ પાયોનિયર'ના સલાહકાર સંપાદક ડૉ. એ. સૂર્ય પ્રકાશને પ્રસાર ભારતી બોર્ડના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. તેઓ રાષ્ટ્રીય રાજનૈતિક મુદ્દાઓ પર તેમની સમજદારી માટે જાણીતા છે.
- પ્રસાર ભારતીના સીઈઓ જવાહર સરકારને એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયન (ABU) ના ઉપાધ્યક્ષ ચૂંટવામાં આવ્યા.
- વિશ્વ બેંકે 'વેપાર કરવામાં સરળતા'ની દ્રષ્ટીએ 189 દેશોની લેટેસ્ટ યાદીમાં ભારતને 142મું સ્થાન આપ્યું. સિંગાપુર 88.27 અંક સાથે પ્રથમ સ્થાન પર છે. ત્યારબાદ ન્યુઝીલેન્ડ, હોંગકોંગ, ડેન્માર્ક અને દક્ષિણ કોરિયાનો ક્રમ છે. આ યાદીમાં બ્રિટન આઠમા, ચીન 90મા, શ્રીલંકા 99મા, નેપાળ 108મા ક્રમે છે.
- જાપાનના સૌથી ધનિક વ્યક્તિ માસાયોશી સને ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા રોકાણની ઘોષણા કરી. તેમણે ભારતમાં આઈટી ક્ષેત્રે 10 બિલિયન ડોલરના રોકાણની જાહેરાત કરી. તેઓ જાપાનની સોફ્ટબેંકના સંસ્થાપક તેમજ સીઈઓ છે. તેઓ સ્પ્રિંગ કોર્પોરેશનના અધ્યક્ષ પણ છે.

www.crackgpsc.com

- વૈશ્વિક આર્થિક મંચ (WEF)ના 'ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2014'માં 142 દેશોની યાદીમાં ભારત 114મા ક્રમે છે. આ સૂચકાંક મુજબ 2013ની સરખામણીએ 13 ક્રમ પાછળ છે. વર્ષ 2013માં ભારત 101મા ક્રમે હતું. આર્થિક ભાગીદારી અને તકની દ્રષ્ટીએ ભારત 134મા ક્રમે છે. રાજનૈતિક સશક્તિકરણ ઉપસૂચકાંકમાં ભારત 15મા ક્રમે છે.
- સચિન તેંદુલકર અને સ્ટીવ વો (ઓસ્ટ્રેલિયા)ને 'બ્રેડમેન હોલ ઓફ ફેમ'માં સામેલ કરવામાં આવ્યા. આ સન્માનની શરૂઆત સર ડોન બ્રેડમેન ફાઉન્ડેશને કરી હતી.
- આંતરરાષ્ટ્રીય મહાનુભાવોના પોર્ટ્રેટ બનાવવા માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત ફોટોગ્રાફર રેને બરીનું નિધન થયું. તેમણે ચે ગ્વારા, પિકાસો અને લિ કોર્બુજીએ જેવા મહાનુભાવોની તસ્વીરો લીધી હતી.
- અમેરિકાની ફેડરલ કોર્ટે વર્ષ 1984 શિખ રમખાણોના મામલે હિંસા ભડકાવવાના આરોપસર અમિતાભ બચ્ચનને સમન્સ મોકલ્યું.
- નરેન્દ્ર મોદીએ ભારત અને મોઝામ્બિક વચ્ચે ઓઈલ અને ગેસ ક્ષેત્રમાં સહયોગ માટે એમઓયુ મંજુર કર્યા જે પાંચ વર્ષના સમયગાળાના છે. એમઓયુમાં તેલ અને ગેસના સંશોધન અને ઉત્પાદન સાથે ક્રુડ ઓઈલના વેચાણ માટે પણ સહયોગની બાબત છે.
- યુનિસેફે 'ચિલ્ડ્રન ઓફ રિસેશન' નામે એક રીપોર્ટ રજુ કર્યો. જે મુજબ વર્ષ 2008માં વૈશ્વિક મંદીની શરૂઆત બાદ 23 વિકસિત દેશોમાં બાળ નિર્ધનતામાં વૃદ્ધિ થઇ. 41 દેશોમાંથી 18 દેશોએ બાળ નિર્ધનતામાં ઘટાડો નોંધાવ્યો. તેમાં ચીલી ટોચ પર છે. ગ્રીસ અને આઈસલેન્ડે વર્ષ 2008 બાદ બાળ નિર્ધનતામાં સૌથી વધુ વૃદ્ધિ નોંધાવી.
- ભારત અને ઓમાન વચ્ચે પરસ્પર કાનૂની સહાય માટે 'અપરાધિક બાબતોમાં કાનૂની અને ન્યાયિક સહયોગ સંધિ' થઇ.
- ગ્લોબલ હંગર ઇન્ડેક્ષમાં ભારત 55મા સ્થાને. મોરેશ્યસ અને થાઇલેન્ડ 5.0 સ્કોર સાથે પ્રથમ ક્રમે.
- સ્ક્વોશ ખેલાડી દીપિકા પલ્લીકલ અને પુરુષ ખેલાડી હરીન્દર પાલ સંધુએ જેએસડબલ્યુ ઇન્ડિયન ચેલેન્જર સર્કીટ સ્ક્વોશ ચેમ્પિયનશિપ ખિતાબ જીત્યો.
- ભારત અને અલ્બાનિયા વચ્ચે રાજદ્વારી અને સત્તાવાર પાસપોર્ટ ધારકો માટે વિઝાની અનિવાર્યતા સમાપ્ત કરવાની સમજુતી થઇ.
- પંકજ અડવાણીએ આઈબીએસએફ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ (ટાઈમ ફોરમેટ)ની ફાઈનલમાં ઇંગ્લેન્ડના રોબર્ટ હોલને હરાવીને ચેમ્પિયનશિપમાં ડબલ ખિતાબ મેળવ્યો. આ પંકજ અડવાણીનો 12મો વિશ્વ ખિતાબ છે.

www.crackgpsc.com

- ઇન્ટર અમેરિકન ડેવલપમેન્ટ બેંક દ્વારા રજુ રિપોર્ટ મુજબ ભારતનું સ્વચ્છ ઉર્જા રોકાણ બાબતે 55 વિકાસશીલ દેશોમાં ચોથું સ્થાન છે. આ યાદીમાં ચીન પ્રથમ સ્થાને છે.
- પચાસ દેશોના નાણા મંત્રીઓ અને કર પ્રમુખોએ કર સૂચનાઓના આદાનપ્રદાન માટે સમજુતી કરી. આ સમજુતી વર્ષ 2017થી અમલમાં આવશે. આ સમજુતી બર્લિનમાં થઇ. અમેરિકા અને ભારત આ સમજુતીમાં જોડાયેલ નથી.
- વિદ્વાન પ્રો. લોકેશ ચંદ્ર ત્રણ વર્ષ (2014-17)ના સમયગાળા માટે ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ (Indian Council for Cultural Relations, ICCR) ના અધ્યક્ષ નિમાયા. તેમણે કોંગ્રેસ નેતા ડૉ. કર્ણ સિંહનું સ્થાન લીધું.
- જાપાનના ટોક્યોમાં ભારત મહોત્સવનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ મહોત્સવ એક વર્ષ સુધી ચાલનાર છે. તેનું ઉદઘાટન કેન્દ્રીય સંસ્કૃતિ તથા પર્યટન રાજ્ય મંત્રી શ્રીપાદ નાઇક અને જાપાનના પર્યટન મંત્રી અકીહિરો ઓહ્તા દ્વારા કરવામાં આવ્યું. આ ભારત દ્વારા આયોજિત સૌથી મોટો કાર્યક્રમ છે જેમાં જાપાનનાં 20 શહેરો સામેલ છે.
- સન એડીસન ઈંકે આગામી પાંચ વર્ષમાં રાજસ્થાનમાં સૌર ઉર્જાની 5000 મેગાવોટ ક્ષમતા સ્થાપવા માટે રાજસ્થાન સરકાર સાથે એમઓયુ કરાર કર્યા.
- સુપ્રીમ કોર્ટે ગંગા નદીમાં ઔદ્યોગિક કચરો નાખતા રોકવા માટે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલને દિશા સૂચન કર્યું. કોર્ટે આ કાર્ય હેતુ NGTને ઔદ્યોગિક એકમો માટે સ્પષ્ટ દિશા નિર્દેશ રજુ કરવા માટે 2015 સુધીની સમય મર્યાદા આપી. NGTની સ્થાપના 2010માં પર્યાવરણ સંરક્ષણ સંબંધી કિસ્સાઓના અસરકારક અને ધીમા નિકાલ માટે કરવામાં આવી હતી.
- બેંગલુરૂ સિટી રેલવે સ્ટેશન વાઈ ફાઈ સુવિધા વાળુ દેશનું પ્રથમ રેલવે સ્ટેશન બન્યું. બેંગલુરુની આ સુવિધા પાયલટ પરિયોજના સ્વરૂપે શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ એ-1 તથા એ શ્રેણીના સ્ટેશનો પર વાઈ ફાઈ સેવા પૂરી પાડવાની જવાબદારી 'રેલ ટેલ' કંપનીને આપવામાં આવી છે. પ્રથમ 30 મિનીટ સુધી મોબાઈલ પર આ સેવા ફ્રીમાં ઉપલબ્ધ થશે. તેનાથી વધુ ઉપયોગ માટે પેસેન્જરે સ્ક્રેચ કાર્ડ ખરીદવાનું રહેશે. આ કાર્ડની કિંમત 30 મિનીટ માટે 25 રૂપિયા તથા એક કલાક માટે 35 રૂપિયા છે અને તેની વેલીડીટી 24 કલાકની છે. વધારાનો સમય ઓનલાઈન પણ ખરીદી શકાય છે.
- વિશ્વ બેંકે પોતાના દ્વિવાર્ષિક રિપોર્ટ ભારત વિકાસ અદ્યતન રીપોર્ટમાં ભારતના સમગ્ર ઘરેલુ ઉત્પાદનમાં નાણાકીય વર્ષ 2014-15માં 5.6%ની વૃદ્ધિ થવાની સંભાવના વ્યક્ત

www.crackgpsc.com

કરી. તેમજ જીડીપી વિકાસ દર વર્ષ 2015-16માં 6.4%ના દરે અને નાણાકીય વર્ષ 2016-17માં 7%ના દરે વધવાની સંભાવના વ્યક્ત કરી.

- દેવેન્દ્ર ફડનવીસને મહારષ્ટ્રમાં ભાજપાના વિધાયક દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા.
- વર્ષ 1969માં ઈલેક્ટ્રોનિક સંદેશ મોકલવા માટે ઈન્ટરનેટના સર્વપ્રથમ ઉપયોગની વર્ષગાંઠના અવસરે 29 ઓક્ટોબર 2014ને આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ તરીકે વિશ્વ સ્તરે ઉજવવામાં આવ્યો.
- કેન્દ્રીય સુચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે પ્રાયોગિક સ્તરે ચાર ભારતીય ભાષાઓ (ગુજરાતી, અસમી, તમિલ અને મલયાલમ)માં સમાચાર એસએમએસ સેવાની શરુઆત કરી. જે અનુસાર ઓલ ઇન્ડિયા રેડિઓ (એઆઈઆર)ના સમાચાર સેવા વિભાગથી મફત સમાચાર એસએમએસ સેવા શરુ કરવામાં આવી. આકાશવાણીનું ન્યુઝ સર્વિસ ડીવીઝન અત્યાર સુધી અંગ્રેજી સહિત કુલ દસ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી ચુક્યું છે. ગયા મહીને પ્રકાશ જાવડેકરે એઆઈઆરની ફ્રી એસએમએસ સેવા પાંચ ભારતીય ભાષાઓ હિન્દી, મરાઠી, સંસ્કૃત, ડોગરી અને નેપાળીમાં શરુ કરી હતી. આ સેવા અંગ્રેજી ભાષામાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં શરુ કરી હતી.
- ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જોન કીએ કહ્યું કે રાષ્ટ્રીય ધ્વજમાં પરિવર્તન કરવું કે નહિ તે મુદ્દા પર વર્ષ 2016માં જનમત મેળવવામાં આવશે. તેઓ વર્તમાન ધ્વજ બદલવા માટે પ્રબળ સમર્થક છે. આ ધ્વજના એક ખૂણે બ્રિટનનો યુનિયન જેક અંકિત છે.
- ક્યુબા વિરુદ્ધ અમેરિકા દ્વારા લગાવેલ આર્થિક, વાણિજ્યિક અને નાણાકીય પ્રતિબંધોને સમાપ્ત કરવા માટે સતત 23 વર્ષથી રજુ થતા પ્રસ્તાવના પક્ષમાં ભારત સહિત 188 દેશોએ મતદાન કર્યું.
- માનવ રહિત કાર્ગો રોકેટ અંતારેસમાં આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ સ્ટેશન માટે સામાન લઇ જવા દરમિયાન વિસ્ફોટ થયો.
- કેન્દ્ર સરકારે એચએસબીસી બેંક, જીનેવામાં સ્થિત 627 ભારતીય ખાતાધારકોની યાદી ત્રણ સીલબંધ કવરમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એચ એલ દત્તુની અધ્યક્ષતાવાળી પીઠને સોંપી.
- ભારત સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) માટે એક વાર ફરીથી ચૂંટાઈ આવ્યું. વર્ષ 2014માં ભારતનો સમય પૂરો થઇ રહ્યો હતો.
- બાંગ્લાદેશ યુદ્ધ અપરાધ ન્યાયાધિકરણ દ્વારા બાંગ્લાદેશની કટ્ટરપંથી પાર્ટી જમાત-એ-ઇસ્લામીના હેડ મતિઉર્રહમાન નીઝામીને વર્ષ 1971માં પાકિસ્તાન વિરુદ્ધ બાંગ્લાદેશ



www.crackgpsc.com

સ્વતંત્રતા સંઘર્ષ દરમ્યાન હજારો લોકોની હત્યા માટે જવાબદાર ગણાવતાં મોતની સજા સંભળાવવામાં આવી.

- ભારતની બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલ વિશ્વ બેડમિન્ટન મહાસંઘ (બીડબલ્યુએફ)ની રજુ કરેલ વિશ્વ રેન્કિંગમાં મહિલા એકલમાં પાંચમા સ્થાને પહોંચી.
- લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની 139મી જન્મજયંતિના દિવસ 31 ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસના રૂપમાં મનાવવામાં આવ્યો. આ અવસર પર રાષ્ટ્રવ્યાપી મેરેથોન દોડનું આયોજન કરવામા આવ્યું.
- ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સરદાર પટેલના જન્મદિને (31 ઓક્ટોબર 2014 ) નર્મદા જીલ્લાની સાધુબેટ ટેકરી પર સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની આધારશિલા રાખી.

## *Current Shatak is now available in English ...*




www.crackgpsc.com